# કલ્ચરલ ફોરમના ગ્રાઉન્ડમાં ખેલૈયાઓ અને ખેલાડીઓનો સંગમ

**પદ્મશ્રી મીરાબાઈ ચાનુ તથા ભવાનીદેવીએ ગાંધીનગરને ઘેલું કર્યું : વેઈટલિફ્ટર મીરાબાઈ ચાનુએ ચણીયાચોળી પહેરીને ગરબા કર્યા : તલવારબાજીમાં ચેમ્પિયન ભવાનીદેવી પણ ગરબામાં જોડાયા : ગુજરાતી ફિલ્મ 'હેલ્લારો' ના સુપ્રસિદ્ધ અભિનેત્રી શ્રદ્ધા ડાંગર ગઈકાલે ગાંધીનગર કલ્ચરલ ફોરમના આંગણે પધાર્યા : અધિક મુખ્ય સચિવ શ્રી કમલ દયાણી, જિલ્લા પોલીસ વડા શ્રી તરુણકુમાર દુગ્ગલ અને મહાનુભાવોએ ગરબા માણ્યા**

ગાંધીનગર કલ્ચર ફોરમના ગરબા પાટનગરમાં ધૂમ મચાવી રહ્યા છે. ભારતના સ્ટાર એથ્લેટ્સ; વેઈટલિફ્ટર પદ્મશ્રી મીરાબાઈ ચાનુ અને ફેન્સીંગ (તલવારબાજી) ચેમ્પિયન સી.એ.ભવાનીદેવી ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા માણવા પધાર્યા હતા. પીળા રંગના ચણિયાચોળીમાં સજ્જ પદ્મશ્રી મીરાબાઈ ચાનુ અને સી એ. ભવાનીદેવીએ ખેલૈયાઓ સાથે ગરબા કર્યા હતા અને રંગબેરંગી વસ્ત્રોમાં શોભતા ખેલૈયાઓ સાથે સેલ્ફી પણ લીધી હતી. ભારતના આ સ્ટાર ખેલાડીઓ ગુજરાતના ગરબાથી અત્યંત પ્રભાવિત થયા હતા.

મેજર ધ્યાનચંદ ખેલરત્ન એવોર્ડથી સન્માનિત પદ્મશ્રી મીરાબાઈ ચાનુએ વર્ષ ૨૦૨૧ માં ટૉકિયો ઑલિમ્પિકમાં ૪૯ કિલોગ્રામ કેટેગરીમાં સિલ્વર મેડલ જીત્યો હતો. તાજેતરમાં વર્ષ ૨૦૨૨ માં બર્મિંગામમાં રમાયેલી કોમનવેલ્થ ગેમ્સમાં તેમણે ભારત માટે.ગોલ્ડ મેડલ જીત્યો હતો. મૂળ મણીપુરના ઈમ્ફાલના વતની સાઈખોમ મીરાંબાઈ ચાનુ ગુજરાતના ગરબાથી અત્યંત પ્રભાવિત થયા હતા.

ફેન્સીંગ (તલવારબાજી)માં કોમનવેલ્થ ગેમ્સમાં વર્ષ ૨૦૧૮માં ભારતને ગોલ્ડ મેડલ જીતાડનાર ભવાનીદેવી ભારતની પ્રથમ મહિલા છે જેમણે તલવારબાજીમાં ગોલ્ડ મેડલ જીતાડ્યો છે. કારકિર્દી દરમિયાન ૩૬ મેડલ હાંસલ કરનાર મૂળ તામિલનાડુના રહેવાસી સી. એ. ભવાનીદેવી પણ ગુજરાતના ગરબાથી ખૂબ જ પ્રભાવિત થયા હતા. બંને ખેલાડીઓએ ખેલૈયાઓ સાથે ગરબે રમીને પ્રસન્નતા વ્યક્ત કરી હતી.







નેશનલ એવોર્ડ વિજેતા ગુજરાતી ફિલ્મ 'હેલ્લારો' ના સુપ્રસિદ્ધ અભિનેત્રી શ્રદ્ધા ડાંગર ગઈકાલે ગાંધીનગર કલ્ચરલ ફોરમના આંગણે પધાર્યા હતા. કોઈ પૂર્વ જાહેરાત વિના તેઓ ચૂપચાપ ગરબામાં જોડાઈ ગયા હતા અને ખેલૈયાઓ સાથે મન મૂકીને ગરબે રમ્યા હતા. છેક છેલ્લે કોઈ સ્વયંસેવકનું ધ્યાન જતાં શ્રદ્ધા ડાંગરને મુખ્ય મંચ પર આમંત્રણ આપવામાં આવ્યું હતું. ગાંધીનગર કલ્ચરલ ફોરમના ખેલૈયાઓ અને ગરબા માટે તેમણે અહોભાવ વ્યક્ત કર્યો હતો અને કહ્યું હતું કે, પ્રતિવર્ષ ગરબે રમવા તેઓ ગાંધીનગર કલ્ચરલ ફોરમમાં આવવાનું જ પસંદ કરશે.

પાંચમા નોરતે ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબામાં મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી કમલ દયાણી, જિલ્લા પોલીસ વડા શ્રી તરુણકુમાર દુગ્ગલ, ભારત સરકારના કાયદો અને ન્યાય મંત્રાલયની એક્સેસ ટુ જસ્ટિસ સ્કીમના હેડ શિખા કુંડલ, સ્કોટલેન્ડની સિર્થવૂડ લિમિટેડ કંપનીના ડાયરેક્ટર શ્રી જીઓફ ક્રાઉલે, કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લિમિટેડના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ શ્રી ધર્મેશ મહંત પણ પધાર્યા હતા. તમામ મહાનુભાવોએ ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા અને આયોજનની બેહદ પ્રશંસા કરી હતી.

ગુજરાતની સુપ્રસિદ્ધ સંગીતકાર-ગાયક બેલડી આશિતા પ્રજાપતિ અને અમિત પ્રજાપતિએ ગાંધીનગર કલ્ચરલ ફોરમમાં ગરબાની ભારે જમાવટ કરી હતી.

## ગાંધીનગરના ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં મુલાકાતીઓને વિનામૂલ્યે પ્રવેશ મળશે

**ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં અને અરણ્ય ઉદ્યાનમાં ચાર દાયકાથી ૨જી થી ૮મી ઓક્ટોબર સુધી વિશ્વ વન્યજીવ સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે**

ગાંધીનગર, તા.૨૯

સમગ્ર વિશ્વમાં ૨જી થી ૮મી ઓક્ટોબર સુધી વિશ્વ વન્યજીવ સપ્તાહની ઉજવણી કરાશે. જેના ભાગરૂપે ગાંધીનગરના ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં સામાન્ય જનતાને વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવશે. આ ઉપરાંત વિવિધ કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવ્યું છે. ગાંધીનગરમાં ગીર ફાઉન્ડેશન સંચાલિત ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં અને અરણ્ય ઉદ્યાનમાં ચાર દાયકાથી ૨જી થી ૮મી ઓક્ટોબર સુધી વિશ્વ વન્યજીવ સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. જેના ભાગરૂપે દરેક મુલાકાતીઓને વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવે છે. ત્યારે આ વર્ષે પણ વન્યજીવ સંરક્ષણ અંગે જાગૃતિ લાવવા મુલાકાતીઓને વિનામૂલ્યે ઈન્દ્રોડા પાર્કમાં અને અરણ્ય ઉદ્યાનમાં પ્રવેશ આપવામાં આવશે તેમ ગીર ફાઉન્ડેશનના નાયબ નિયામકે જણાવ્યું હતું. એટલુ જ નહી વાઈલ્ડલાઈફ વીક નિમિત્તે ગીર ફાઉન્ડેશન દ્વારા ગુજરાતના ઉત્સાહી વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફરો માટે વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફી સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સ્પર્ધા બાદ પસંદ કરાયેલી એન્ટ્રીઓ ફોટો એક્ઝિબિશનમાં પ્રદર્શિત કરવામાં આવશે. વધુમાં ગીર ફાઉન્ડેશન દ્વારા બટરફલાય વોક, પ્લાન્ટ વોક, બર્ડ વોક, વાઈલ્ડ ટોક, સ્નેક બાઈટ એવરનેસ, વાઈલ્ડ લાઈફ ફોટો ગ્રાફર્સ વર્કશોપ કમ ટ્રેનિંગ જેવા વિવિધ કાર્યક્રમો યોજાશે. આ ઉપરાંત બાળકો માટે સ્પોટ ક્વિઝ, સ્ટીકર ડિસ્ટ્રીબ્યુશનનું પણ આયોજન કરાયું છે.

## રવિવારે સવારે સે.૧૨માં બલરામ મંદિર ખાતે પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરમાં છેલ્લાં આઠ વર્ષથી ચાલતી પુસ્તક પરબ દર મહિનાના પ્રથમ રવિવારે યોજવામાં આવે છે. સપ્ટેમ્બર માસની પુસ્તક પરબ બલરામ મંદિર, ઉમિયા મંદિર પાસે, સેક્ટર - ૧૨, ગાંધીનગરમાં તા.૦૨-૧૦-૨૦૨૨ રવિવારના રોજ સવારે ૭.૩૦ થી ૯.૩૦ દરમ્યાન યોજાશે. પુસ્તક પરબ પાસે ઉપલબ્ધ પુસ્તકો - સામયિકો પૈકી મુલાકાતીઓ બે પુસ્તક અને સામયિક વાંચવા લઈ જઈ શકશે.

પુસ્તક પરબ માટે શિષ્ટ સાહિત્યના પુસ્તકો ભેટ સ્વરૂપે સ્વીકારવામાં આવે છે. ધાર્મિક, વિવિધ સંપ્રદાયની પુસ્તિકાઓ, ધાર્મિક સામયિકો પરબ માટે સ્વીકારવામાં આવશે નહીં, જેની નોંધ લેવા ખાસ જણાવાયું છે. સાહિત્યિક સામયિકો, એ પણ છેલ્લા એક - બે વર્ષના હશે તો સ્વીકારવામાં આવશે.

માતૃભાષા અભિયાનના ઉપક્રમે અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી પુસ્તક પરબ ટીમના મિત્રો દ્વારા ગાંધીનગરમાં આ પ્રવૃત્તિ નિઃશુલ્ક ચલાવવામાં આવે છે. શિષ્ટ સાહિત્ય વાચન અને માતૃભાષા ગૌરવના પ્રસાર હેતુ આ પુસ્તક પરબ પ્રવૃત્તિ યોજવામાં આવે છે. પુસ્તકપ્રેમી વડીલો, વિદ્યાર્થીઓ, બહેનો, ભાવકોને પુસ્તક પરબનો લાભ લેવા આત્મન સંસ્થા દ્વારા વિનંતી કરવામાં આવી છે.

## આજે સાયન્સ સિટી ખાતે ડ્રોન શો અને લાઈવ સંગીત સંધ્યા યોજાશે


ગાંધીનગર, તા.૨૯

ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૩મી જન્મજયંતિની વૈશ્વિક સ્મૃતિમાં 'આઝાદી કા અમૃત મહોત્સવ'ના ભાગરૂપે, ગુજરાત સાયન્સ સિટી દ્વારા આગામી તા.૨જી ઓક્ટોબરના રોજ ડ્રોન શો અને લાઈવ મ્યુઝિકલ ઈવનિંગ (લાઈવ સંગીત સંધ્યા)નું આયોજન કરવામાં આવ્યું છે.

તા.૨જી ઓક્ટોબરે સાયન્સ સિટીની મુલાકાત લેનાર મુલાકાતીઓ આ સંગીત સંધ્યાનો નિઃશુલ્ક આનંદ માણી શકશે.

આ મહત્વના પ્રસંગે રાજ્ય સરકારના મંત્રીઓ, વિવિધ વિભાગોના મહાનુભાવો સાથે લગભગ પાંચ હજાર વ્યક્તિઓ જોડાશે.

આ કાર્યક્રમ સાયન્સ સિટીના વિજ્ઞાન ભવન ખાતે સાંજે પાંચ વાગ્યાથી શરૂ થશે. ડ્રોન શો આકાશમાં છ કિમી ત્રિજ્યા સુધી દેખાશે. આ ખાસ અવસર પર શ્રેષ્ઠ વિડિયો અને ફોટોગ્રાફી સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ઈવેન્ટ વિજેતાઓને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવશે અને તેમની કળા સાયન્સ સિટીના સોશિયલ મીડિયા પેજ પર દર્શાવવાની તક મળશે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટી જનસમુદાયમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવા માટે કટિબદ્ધ છે. આ અંતર્ગત સાયન્સ સિટી દ્વારા સમયાંતરે વિવિધ કાર્યક્રમો અને પ્રવૃતિઓઓનું પણ આયોજાણ કરવામાં આવે છે.

દારૂથી આત્માનો વિનાશ થાય છે. દારૂની પાછળ દિવાનાપણું, વ્યભિચાર, જુગાર વગેરે આવે છે. જો આપણે દારૂની બૂરી ટેવમાંથી પ્રજાને છોડાવી શકીએ તો તેને એક જેલમાંથી છોડાવ્યા બરાબર છે. દારૂની માણસને જરાય જરૂર નથી એ જગપ્રસિદ્ધ વાત છે. દારૂડિયાથી સંયમ ન જાળવી શકાય એ કોનાથી અજાણ્યું છે ? એટલે મારી ઉમેદ છે કે વિવેકથી, પશુબળ વાપર્યા સિવાય, સમજણથી 'દારૂના વ્યસનમાંથી દારૂ પીનારાને છોડાવવાનો પ્રયત્ન દરેક માણસ કરે'

-મહાત્મા ગાંધી

**નશાબંધી અને આબકારી કચેરી, ગુજરાત રાજ્ય**

તા. ૦૨-૧૦-૨૦૨૨ થી તા. ૦૮-૧૦-૨૦૨૨ સુધી નશાબંધી સપ્તાહની ઉજવણી કરે છે.

**સંદેશો**

It is heartening to learn about the celebration of "Prohibition Week" from October 2-8, 2022 organised by Gujarat government. The initiative is noble and thoughtful, aimed at larger benefit of people.

Mahatma Gandhi, one of Gujarat's greatest sons, considered the detrimental effects of alcohol as even worse than that of a disease, because while a disease may harm only the body, alcoholism harmed both the body and the soul.

Social evils such as liquor consumption are also a burden on the family, particularly the poor and disadvantaged sections of the society.

As a state committed to Pujya Bapu's values, Gujarat was among the earliest States to have implemented total prohibition soon after Independence. Since then, it has since been at the vanguard of taking initiatives that have a positive bearing on the society.

Our Government has been firm in its commitment to transform the socio-economic life of the people. Through initiatives that boost ease of living and raise the quality of life of the poorest of the poor at the last mile, we have injected dynamism and new spirit into the work culture.

The celebration of "Prohibition Week" is another effort that helps the society to keep progressing in the direction of social welfare for all. It also motivates the youth to spread positivity everywhere.

Best wishes to Gujarat government for successful implementation of "Prohibition Week".

**Narendrabhai Modi**
**Prime Minister of India**

मुझे यह जानकर प्रसन्नता हो रही है कि हर वर्ष की भांति इस वर्ष भी राज्य सरकारने २ अक्टूबर से ८ अक्टूबर, २०२२ तक राष्ट्रपिता महात्मा गांधी जी की जन्म-जयंती के अवसर पर पूरे राज्य में "नशाबंदी सप्ताह" मनाने का निर्णय लिया है। नशीले प्रदार्थों के सेवन से होने वाले घातक दुष्परिणामों से लोगों को अवगत कराना और नशामुक्ति के प्रति समाज को जागरुक करना नशाबंदी सप्ताह का मुख्य उद्देश्य है। मेरा मानना है कि नशे की बुराई को खत्म करने की दिशा में ईमानदारी और केंद्रित प्रयासों के जरीये ही नशाबंदी के लक्ष्य को हासिल किया जा सकता है।

सत्य और अहिंसा के महान दूत महात्मा गांधी जी नशाबंदी के प्रबल समर्थक थे। उनका मानना था कि ईमानदारी तथा निष्ठापूर्वक नशाबंदी का अनुपालन समाज के गरीब और कमज़ोर वर्गों के जीवन को उज्जवल और बेहतर बनाने का काम कर सकता है।

मैं गुजरात सरकार के नशामुक्त समाज के निर्माण के द्दढ़ संकल्प की सराहना करता हूँ क्योंकि राज्य में नशाबंदी नीति के सख्त क्रियान्वयन के कारण ही आज गुजरात राज्य शांतिपूर्ण, सुरक्षित, खुशहाल और एक समृद्ध राज्य के रुप में देश भर में अग्रिम स्थान पर है।

मुझे पूर्ण विश्वास है कि राज्य सरकार जनशक्ति को प्रेरित करके नशाबंदी सप्ताह जैसे विभिन्न प्रयासों से नशाबंदी को राज्य में पूर्ण रुप से सार्थक करेगी, जो वास्तव में राष्ट्रपिता महात्मा गांधीजी के प्रति हमारी सच्ची श्रद्धांजलि होगी।
आईए ! हम जन जागरुकता के प्रत्येक प्रयास में अपना योगदान दें और स्वस्थ एवं नशामुक्त समाज का निर्माण करें।

**(आचार्य देवव्रतजी)**
**राज्यपालश्री, गुजरात राज्य**

સમાજ, સંસ્કૃતિ અને સામાન્ય માનવીના જીવનને ઝાંખપ લગાવતી બદીઓ અને દૂષણો સામે સામૂહિક જાગૃતિ સૌથી મોટું શસ્ત્ર ગણાય.

દારૂબંધીના દૂષણને દૂર રાખવાના દૃઢ નિર્ણયને વળગી રહી, ગુજરાત રાજ્ય પૂ. બાપુની આ ટેક માટે સદાય તત્પર રહ્યું છે.

**નશાબંધી સપ્તાહની પ્રતિવર્ષ તા.૨ થી ૮ ઓક્ટોબર સુધી** થતી ઉજવણી, **નશાબંધી અને આબકારી વિભાગ દ્વારા લેવાતી જાગરૂક પ્રતિક્રિયાની પહેલ રહી છે.** રાજ્યમાં પ્રજાજનો અને સમાજ નશામુક્ત અને સ્વસ્થ જીવન પ્રણાલી સાથે સાર્વત્રિક વિકાસના માર્ગે આગળ વધે એ હેતુસર સરકાર તેમજ સંસ્થાઓના નૈષ્ઠિક પ્રયાસો વધુ પ્રબળ બને એવી શુભકામના સાથે નશાબંધી સપ્તાહની ઉજવણી માટે અભિનંદન પાઠવું છું

**ભૂપેન્દ્રભાઈ પટેલ**
**મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય**

કોઈપણ પ્રકારનો નશો એ માત્ર કાયદાની દૃષ્ટિએ જ નહિ, સામાજિક દૃષ્ટિએ પણ મોટું દૂષણ છે. પશ્ચિમના આંધળા અનુકરણ પાછળ આ દૂષણ દેશના યુવા વર્ગને એવા રસ્તે લઈ જાય છે જ્યાંથી પરત ફરવું મુશ્કેલ છે.

**નશાબંધી અને આબકારી વિભાગ દ્વારા પ્રતિ વર્ષ યોજાતા નશાબંધી સપ્તાહની ઉજવણી સામાજિક ઉત્થાન તરફ મહત્વનું પગલું છે.** ગુજરાત સરકાર અને ગુજરાત પોલીસ મક્કમ રીતે નશાના દૂષણને અટકાવવા સહિયારા પ્રયાસ કરી રહ્યું છે ત્યારે, આ પ્રકારની સામાજિક જાગૃતિના ઉપક્રમ સરકાર દ્વારા "નશા સામે જંગ" ના અભિયાનને વધુ દૃઢ બનાવશે તેવી અપેક્ષા છે.

આ પ્રકારના ઉપક્રમે નશાના સામાજિક દૂષણને દૂર કરવામાં મહત્વનો ભાગ ભજવશે તેવા વિશ્વાસ સાથે નશાબંધી સપ્તાહની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવું છું.

આપ સૌની ક્રિયાશીલતા અને સમાજ ઉત્કર્ષની ઉમદા ભાવના સતત કંઈને કંઈ નવું કરવા પ્રેરતી રહેશે, તેવી મને શ્રદ્ધા છે. ભગવાન શ્રી કૃષ્ણએ ગીતામાં કહ્યું છે કે '**यः क्रियावान सः पण्डित**', તેમ આપણે સૌ પણ સામાજિક ઉત્કર્ષ અને રાષ્ટ્ર કલ્યાણનાં કાર્યોમાં સતત જોડાયેલા રહીએ તેવી અભ્યર્થના.

**હર્ષભાઈ સંઘવી**
**રાજ્ય મંત્રીશ્રી, રમત, ગમત, યુવક સેવા અને સાંસ્કૃતીક પ્રવૃત્તિઓ, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજરાતીનો પ્રભાગ, ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ, નાગરિક સંરક્ષણ, નશાબંધી, આબકારી, જેલ, સરહદી સુરક્ષા (તમામ સ્વતંત્ર હવાલો), ગૃહ અને પોલીસ હાઉસીંગ, આપતિ વ્યવસ્થાપન (રાજ્યકક્ષા), મહેસૂલ (રાજ્યકક્ષા), ગુજરાત રાજ્ય**